# આંખલડીના હે રતન...!

**સમૈયો** સરસ ઉજવાયો ! શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તનના દિવ્ય મહાકાર્યમાં સુવર્ણાક્ષરે અંકિત એક અધ્યાય જોડાયો ! સમૈયો ઐતિહાસિક બન્યો ! તેરસોથી પણ વધુ યુગલ યજમાનો શ્રી મુક્ત અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા તેઓના પરમ દિવ્ય તત્ત્વના ધારક સંતોની પ્રતિમાજી પ્રાણપ્રતિષ્ઠા મહાયાગમાં માત્ર યજમાનરૂપે જ નહીં; પરંતુ, શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં આચરણ અને પ્રવર્તનના વાહક રૂપે સંમિલિત થયાં ! આ પરમ મંગલકારી પ્રાણવાન પ્રભુ તથા પ્રભુસ્વરૂપ પ્રતિમાજીઓ જે ભવ્ય કલાત્મક શિખરસંપન્ન મંદિરજીમાં બિરાજમાન થયાં છે તેવા આપણા મંદિરજી પથ્થરોમાંથી કલા પ્રગટાવતા ગુણાતીત સમાજના સર્વ પ્રથમ મંદિરજી રચાયા છે !

વિશ્વસમસ્ત સહિત ભારતના વિવિધ પ્રદેશોમાંથી ચારસોથી પણ વધુ યુવા દીકરાઓ અને દીકરીઓએ શોભા-સ્વાગતયાત્રા તથા નવધાભક્તિ વંદના દરમિયાન સૂર, તાલ, કાવ્ય, નૃત્ય, પ્રકાશ, પરિવેશ અને પ્રસન્નતાથી છલકાતાં હૃદયે પોતાના ભાવને કલા દ્વારા અર્પણ કર્યા !

એકસો પચાસથી વધુ માતાશ્રીઓએ સત્કારવંદના તથા ત્રણસોથી વધુ દીકરીઓએ મહાયજ્ઞ ઋષિકન્યા રૂપે પોતાની ઉમંગસભર ભક્તિ અર્પણ કરી !

સેંકડો યુવા-યુવતીઓ, ગૃહસ્થ હરિભક્તોએ સફાઈથી માંડી સુશોભન, રસોઈથી માંડી રાખ-રખાવટનાં અગણિત ક્ષેત્રોમાં પૂર્ણ નિષ્ઠા, સંયમ અને નિર્દોષબુદ્ધિએ યુક્ત માહાત્મ્યસભર હૃદયે સેવા ધરી !

સદ્‌ગુરુ સંતોની અખંડ પ્રાર્થનાશિષ, અધ્યાત્મપ્રચુર માર્ગદર્શનના પ્રકાશમાં સૌ સંતો-સાધકોએ પોતાનાં વાણી અને વર્તનમાં જાણે અધ્યાત્મ શાસ્ત્રબોધને જીવંત કર્યા !

અને આ સૌના હૃદયના ભાવ અને ભક્તિને સ્વીકારી શ્રી ઠાકોરજી મહારાજ પોતાનાં સમગ્ર અને સર્વાંગી ઐશ્વર્ય, પ્રતાપ, ઓજસ અને દિવ્યતા સહિત મૂર્તિઓમાં પ્રગટ થયા, અને શાશ્વત કાળ માટે બિરાજમાન થયા ! આ પરમ દિવ્યતાની અનુભૂતિ શ્રી મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા દરમિયાન સર્વ દિવ્ય સ્વરૂપોને થઈ; તો, શ્રી મૂર્તિઓના પ્રાણપ્રતિષ્ઠા મહાયજ્ઞના પ્રત્યેક યજમાને પણ એક અલૌકિક દિવ્યતા અનુભવી !

આપણા આ મંદિરજીમાં બિરાજમાન શ્રી ઠાકોરજી મહારાજ તથા સર્વ પ્રભુસ્વરૂપ સંતોની શ્રી મૂર્તિઓના મુખારવિંદનાં ભાવ અને દર્શન આપણી સર્વ વૃત્તિઓને પોતાનામાં ખેંચી લે છે. સૌમ્યતા, પ્રસન્નતા, પ્રખર પ્રતાપ, ઓજસવંતી દિવ્યતા અને અપાર માંગલ્યસભર આ શ્રી મૂર્તિઓ જાણે સ્વયં પ્રભુએ જ મૂર્તિકાર કલા-કસબીઓમાં વસી ઘડી છે ! આવી જે અનુભૂતિ પ્રત્યેક દર્શનકર્તા ભક્ત-સાધક-સંતની છે, તેનું રહસ્ય એ છે કે, પ્રત્યેક પ્રતિમાજીના ઘડતરમાં સ્વયં સાહેબદાદાએ પોતાના મંગલકારી સમય વાવ્યા છે. તેઓ સ્વયં નિશ્ચિત સમયાંતરે મૂર્તિકાર જ્યાં શ્રી મૂર્તિઓ ઘડતા ત્યાં પધારે, પથ્થરમાંથી પ્રગટતા પ્રભુના સાકાર સ્વરૂપને નીરખતા જાય અને પોતાની લાક્ષણિક, હળવી, પરંતુ હૃદય સોંસરવી ઊતરી જાય તેવી પરાવાણી ઉચ્ચારતા જાય; જેના બ્રહ્મધ્વનિતરંગો જાણે મૂર્તિકારના હાથોને અને ઓજારને પ્રભુપ્રેરણાનાં સાધન બનાવી દે અને પથ્થર પ્રભુઆકારે થઈ જાય ! આજે આપણા આ મંદિરજીમાં એ આખીય દિવ્ય ઘટના-પ્રક્રિયાની પ્રત્યેક ક્ષણ મનમોહક, નયનરમ્ય અને જીવંત શ્રી મૂર્તિઓ રૂપે અચલ પ્રતિષ્ઠિત થઈ છે અને શાશ્વતકાળપર્યંત આપણા ભાવ-પ્રાર્થનાઓ સ્વીકારવાની છે !



શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તનના ઈતિહાસમાં એ પ્રસંગ સીમાચિહ્ન સમાન છે જ્યારે ગુજરાતના એક પ્રતિષ્ઠિત સાક્ષર અને વડતાલ સ્થિત શ્રી સ્વામિનારાયણ સંસ્થાની સમિતિના સન્માનિત સભ્યશ્રી દોલતરામજી પંડ્યાએ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજના શ્રીમુખે પ્રગટતી પરાવાણી દ્વારા વચનામૃત ગઢડા મધ્ય ૨૧ (મુદ્દાનું) નિરૂપણ સાંભળ્યું અને પોતાના સર્વ પ્રશ્નો તથા સંશયનાં સમાધાન અને નિવારણ પ્રાપ્ત કર્યાં, તે સાથે શ્રી દોલતરામજીને ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ જે ઉપાસના પ્રવર્તનના મહાકાર્યને સાકાર કરી રહ્યા હતા તે દિવ્ય કાર્યની મહત્તા અને માહાત્મ્ય સમજાયાં. આ પરમ મર્મને પામી તેઓશ્રીએ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજને પ્રણામ કરી કહ્યું કે, "હે યજ્ઞપુરુષદાસ સ્વામીજી ! સ્વયં શ્રીજી મહારાજે પુનઃ માનવદેહે અવતાર ધારણ કરી જે કાર્ય કરવા માટે આ પૃથ્વી પર કૃપા કરી પ્રગટ થવું પડે તે દિવ્ય કાર્ય આપના દ્વારા સ્વયં પ્રભુ કરાવી રહ્યા છે... આપને વંદન છે...!" વળી, અત્યંત ધન્યતાસભર ગદ્‌ગદ ભાવે શ્રી દોલતરામજીએ ભાવિનાં એંધાણ પણ આપ્યાં ને કહ્યું, "હે સ્વામી ! આજે તો આપ શ્રીજી મહારાજ સાથે શ્રી ગુણાતીતાનંદ સ્વામીની આરસ પ્રતિમાઓ પધરાવી પ્રાણપ્રતિષ્ઠા કરો છો, પરંતુ ભવિષ્યમાં આપના શિષ્યો આપના આ દિવ્ય કાર્યની મહત્તા અને માહાત્મ્ય સમજી આપની સુવર્ણમૂર્તિને મંદિરમાં પધરાવશે !"

પરમ ભગવદી દિવ્ય અક્ષરમુક્ત શ્રી દોલતરામજીના એ શબ્દોના ઉચ્ચારણની એક સદીમાં જ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજના પરમ પ્રિય શિષ્ય બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજની પ્રેરણાશિષથી નિર્મિત મુંબઈના પવઈ નગરમાં સ્થિત મંદિરજીમાં સમસ્ત સંપ્રદાયમાં સર્વ પ્રથમ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુદેવ યોગીજી મહારાજ સુવર્ણમંડિત મૂર્તિશ્રી રૂપે બિરાજમાન થયા. અને આ વર્ષે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીજીની દીક્ષાતિથિ પોષીપૂર્ણિમાના મહામાંગલ્યપ્રદ દિવસે અનુપમ મિશનની ભારત સ્થિત તપોભૂમિ પર અદ્વિતીય એવા આપણા સૌના મંદિરજીમાં ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુદેવ યોગીજી મહારાજે સુવર્ણપ્રતિમાજી રૂપે અચલ સ્થિર થવાની અને આપણી ભાવભક્તિ વંદનાને ચિરકાલ પર્યંત સ્વીકારવાની કૃપા કરી !

આ મહાઘટનાના મૂળમાં મહત્તા પ્રસ્થાપનના નહિ, પરંતુ માહાત્મ્ય પ્રવર્તનના ભાવ રહ્યા છે ! સુવર્ણ જેમ છએ ઋતુઓના પ્રભાવથી પર રહી શાશ્વત શુદ્ધતા અખંડ રાખે છે તેમ શ્રી અક્ષર પુરુષોત્તમ ઉપાસના પણ સ્થળ, કાળ અને શક્તિઓના પ્રભાવોથી પર સદૈવ દિવ્ય, સર્વદા શુદ્ધ અને શાશ્વત કાળપર્યંત કલ્યાણકારી છે; તેથી એક ગૂઢાર્થમાં ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુદેવ યોગીજી મહારાજના સ્વર્ણિમ સ્વરૂપે આપણા મંદિરજીમાં તાત્ત્વિક દૃષ્ટિએ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના અનંતકાળપર્યંત દર્શન-પ્રબોધ આપશે !

તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં નવનિર્મિત શ્રી મંદિરજીમાં શ્રી ઠાકોરજી મહારાજ બિરાજ્યા ત્યારથી અનેક સંતો-ભક્તો-નવાગંતુક શ્રદ્ધાવાન મુમુક્ષુઓને રોજ કોઈ ને કોઈ દિવ્ય અનુભવ થાય છે. શ્રી ઠાકોરજીની મૂર્તિનાં દર્શન કરી કોઈ કહે છે, "વાહ ! આ તો વાતો કરતી મૂર્તિ છે...!" તો કોઈ કહે છે, "આ તો સંકલ્પધારી મૂર્તિ છે...!" અન્ય કોઈને શ્રી ઠાકોરજીની મૂર્તિ પોતાના ભાવ સ્વીકારતી હોવાના અનુભવ થાય છે, તો ઘણાંને દર્શનમાત્રે પોતાના મનનાં સમાધન મળે છે ! મૂળમાં તો સાહેબદાદા અને સદ્‌ગુરુ સંતોએ પોતાના જીવનનાં સાઠથી પણ વધુ વર્ષોની જે તપસ્યા છે તે આ બ્રહ્મજ્યોતિમાં વાવી છે અને મંદિરજીમાં બિરાજતી શ્રી મૂર્તિઓમાં સ્થાપી છે ! કેવળ આપણી પેઢી જ નહિ; પરંતુ, આવનારા સમયની પ્રત્યેક પેઢી જ્યારે જ્યારે આ મંદિરજી અને તેમાં બિરાજતા હાજરા-હજૂર સ્વામી અને શ્રીજીનાં દર્શન કરશે ત્યારે ગદ્‌ગદ હૃદય અને ભાવાશ્રુથી ભીની આંખોએ પ્રાર્થના વહેશે :

*આંખલડીના હે રતન ! મારા રુદિયાની ધડકન ! ઘણું જીવો મારા સાહેબજી, લ્યો જીવન અર્પણ મન...*
*ઘણું જીવો મારા ગુરુહરિ, લ્યો જીવન અર્પણ મન ! આંખલડીના હે રતન !*

◆

~ સાધુ ડૉ. મનોજ સોની